


Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેકટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: 33 | સપ્ટેમ્બર/ઓક્ટોબર - ૨૦૨૫ | www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**મોદીજીના નેતૃત્વમાં વિશ્વાસ, વિકાસ અને સમૃદ્ધિની હેટ્રિક: ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં શ્વેત ક્રાંતિ 3.0ના નવા અધ્યાયની શરૂઆત**

**બનાસ ડેરીમાં મહિલા ડિરેક્ટરોનું ઐતિહાસિક આગમન: મોદીજીના 'નારીશક્તિ' વિઝનને સાકાર કરતું પગલું**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના નેતૃત્વમાં દેશના ૮ કરોડ ખેડૂતો ડેરી ક્ષેત્રમાં જોડાયા: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ**



# બનાસ ડેરીમાં વિશ્વાસનું પુનરાવર્તન
# શ્રી શંકરભાઈ ચૌધરીની સતત ત્રીજી ટર્મ માટે ચેરમેન તરીકે વરણી

બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકો અને ખેડૂતોએ ફરી એકવાર બનાસ ડેરીની સેવા કરવા માટે શ્રી શંકરભાઈ ચૌધરીની સર્વાનુમતે ચેરમેન અને શ્રી ભાવાભાઈ રબારીની વાઈસ ચેરમેન તરીકે વરણી કરી તેમના પર અતુટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. શીર્ષસ્થ નેતૃત્વ તેમજ સમસ્ત બનાસ પરિવાર દ્વારા સમરસ ભાવ સાથે તેઓને સતત ત્રીજી ટર્મ માટે ડેરીનું નેતૃત્વ સોંપવામાં આવ્યું છે.




## લાભ પાંચમનો શુભારંભ

નવનિયુક્ત ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ શુભ પ્રસંગે, લાભ પાંચમના પાવન દિવસે શાસ્ત્રોક્ત વિધિ સાથે સતત ત્રીજીવાર પોતાનો પદભાર ગ્રહણ કર્યો. આ પ્રસંગે ડેરીના સૌ ડિરેક્ટરશ્રીઓ અને અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સહકારના આ નવા યુગની શુભ શરૂઆત કરી હતી.

## સહકારથી સમૃદ્ધિની વિકાસયાત્રા

પદભાર ગ્રહણ કર્યા બાદ, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ, બનાસ ડેરી 'સહકારથી સમૃદ્ધિ'ના પંથે પોતાની વિકાસયાત્રાને સતત કાર્યશીલ રાખશે. આ વિશાળ સહકારી માળખું ખેડૂતો અને પશુપાલકોના ઉત્થાન માટે સમર્પિત રહેશે.

## વિકાસકાર્યોની સમીક્ષા અને માર્ગદર્શન

નવા નિયામક મંડળની પ્રથમ બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ચેરમેનશ્રીએ ડેરીના ભવિષ્યલક્ષી કાર્યોની દિશા નક્કી કરી હતી. બેઠકમાં બનાસ ડેરીના વિવિધ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી અને આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર કાર્યો માટે ડિરેક્ટરશ્રીઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં, બનાસ ડેરી આગામી અઢી વર્ષ માટે પણ પારદર્શિતા અને જવાબદારીપૂર્વક કામગીરી કરીને, લાખો પશુપાલકોના જીવનમાં સમૃદ્ધિ લાવવા માટે કટિબદ્ધ રહેશે.



Banas Dairy



# નવનિર્મિત નિયામક મંડળ - ૨૦૨૫


શ્રી શંકરભાઈ ચૌધરી


શ્રી ભાવાભાઈ રબારી


શ્રી પરબતભાઈ પટેલ


શ્રી જોઈતાભાઈ પટેલ


શ્રીમતી રમીલાબેન ચૌધરી


શ્રી રાઘાભાઈ આયર


શ્રી પરથીભાઈ ચૌધરી


શ્રી મૂળજીભાઈ પટેલ


શ્રીમતી અંબાબેન ચૌધરી


શ્રીમતી કમળાબેન દેસાઈ


શ્રી ભરતભાઈ પટેલ


શ્રી તેજાભાઈ પટેલ


શ્રી બાબુભાઈ ચૌધરી


શ્રીમતી માનીબેન ચૌધરી


શ્રી ફલજીભાઈ પટેલ


શ્રી અમરતજી ઠાકોર

# મોદીજીના નેતૃત્વમાં વિશ્વાસ, વિકાસ અને સમૃદ્ધિની હેટ્રિક

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં સુવર્ણ શ્વેત ક્રાંતિ 3.0ના નવા અધ્યાયની શરૂઆત

દેશના સહકારી ક્ષેત્રમાં બનાસ ડેરીનું સ્થાન માત્ર એક સંસ્થા તરીકે નહીં, પરંતુ લાખો પરિવારોની જીવાદોરી અને વિશ્વાસના કેન્દ્ર તરીકે ગૌરવશાળી છે. તાજેતરમાં યોજાયેલી બનાસ ડેરીની ચૂંટણીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે વિકાસ અને સેવાકાર્યો જ હંમેશા જીતે છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ, સમગ્ર નિયામક મંડળે જે ભવ્ય વિજય હાંસલ કર્યો છે, તે માત્ર એક ચૂંટણીલક્ષી જીત નથી, પરંતુ લાખો પશુપાલક માતા-બહેનોના આશીર્વાદ અને અતૂટ ભરોસાની જીત છે.





### આશીર્વાદ અને ભરોસાનો ભવ્ય વિજય:

શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૦ વર્ષ સુધી બનાસ ડેરીના ચેરમેન તરીકે જે પારદર્શિતા અને સમર્પણ સાથે કામ કર્યું, તેનું પરિણામ આ ચૂંટણીમાં જોવા મળ્યું છે. તેમના સહીત ૧૫ ડિરેક્ટરની બિનહરીફ વરણી એ પશુપાલકોની સર્વસંમતિ અને તેમના નેતૃત્વ પ્રત્યેના વિશ્વાસની પરાકાષ્ઠા છે. દાંતા બેઠક પર પણ શ્રી શંકરભાઈ ચૌધરીના પેનલના ઉમેદવારની જીત એ વાતની મહોર મારે છે કે પશુપાલકોએ સંપૂર્ણ મનથી તેમના નેતૃત્વને સ્વીકાર્યું છે.

આ વિજયના મૂળમાં લાખો પશુપાલક માતા-બહેનોના આશીર્વાદ છે, જેમને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માત્ર સારો દૂધનો ભાવ જ નથી આપ્યો, પરંતુ આત્મસન્માન અને આર્થિક સશક્તિકરણની અનુભૂતિ કરાવી છે. આ ઐતિહાસિક વિજય બનાસ પરિવાર માટે ગૌરવની ક્ષણ છે અને સ્પષ્ટ સંકેત આપે છે કે 'વિકાસ અને વિશ્વાસ'નું પ્રતીક એવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની નીતિઓ પર પશુપાલકોને પૂર્ણ ભરોસો છે.





### સહકાર થી સમૃદ્ધિની હેટ્રિક...!
### સુવર્ણ શ્વેત ક્રાંતિ 3.0ના નવા અધ્યાયની શરૂઆત:

પશુપાલકોએ ત્રીજી ટર્મ માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં જે વિશ્વાસ મૂક્યો છે, તે ખરા અર્થમાં 'ભરોસાની હેટ્રિક' છે. આ હેટ્રિક માત્ર ગુજરાતના નહીં, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર થી સમૃદ્ધિ'ના વિઝનને પણ મજબૂત કરે છે, જેના કારણે બનાસ ડેરીએ દેશના અનેક રાજ્યોમાં પોતાનો વિકાસ વિસ્તારીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપ્યું છે. હવે આ વિજય 'સુવર્ણ શ્વેત ક્રાંતિ 3.0'ના નવા અને વધુ મહત્વાકાંક્ષી અધ્યાયની શરૂઆતનું પ્રતીક બની ગયો છે.

### દસ વર્ષનો વિકાસ: 'વિશ્વાસ સાથે વિકાસ'નો મંત્ર

શ્રી શંકરભાઈ ચૌધરીએ જ્યારે ચેરમેન તરીકે બનાસ ડેરીનું સુકાન સંભાળ્યું, ત્યારે તેમનો મુખ્ય મંત્ર હતો – 'વિશ્વાસ સાથે વિકાસ'. આ દસ વર્ષના કાર્યકાળમાં, બનાસ ડેરીએ જે ગતિ અને દિશામાં પ્રગતિ કરી છે, તે સહકારી ક્ષેત્ર માટે એક કેસ સ્ટડી બની ગઈ છે. શંકરભાઈ ચૌધરીની નીતિઓ પર પશુપાલકોને પૂર્ણ ભરોસો છે.

### પશુપાલકોની સમૃદ્ધિનો પાયો:

બનાસ ડેરીની સફળતાનું સીધું માપન પશુપાલકોની આર્થિક સમૃદ્ધિના વધારાથી થાય છે. ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં, દૂધનો ભાવ, ભાવફેર સતત વધતો ગયો છે, જે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશમાં સહકારી ક્ષેત્રે સૌથી વધુ ભાવમાંનો એક છે. સમયસર અને પૂરતું ચૂકવણું થવાથી ગામડાંની અર્થવ્યવસ્થાને નવો વેગ મળ્યો અને પશુપાલક પરિવારોની સમૃદ્ધિમાં વધારો થયો છે.

આ ઉપરાંત, પશુ સ્વાસ્થ્યની વિશેષ કાળજી લેવામાં આવી છે. અત્યાધુનિક પશુ ચિકિત્સા સેવાઓ, રોગમુક્ત પશુઓ માટેના કાર્યક્રમો, અને સબસિડીયુક્ત પોષણયુક્ત પશુ આહારના વિતરણથી પશુપાલનના વ્યવસાયને વધુ ટકાઉ અને નફાકારક બનાવ્યો છે. પશુપાલક માતા-બહેનોને વર્ષના અંતે બોનસ ઉપરાંત, તેમના સંતાનોના શિક્ષણ, પશુ વીમા અને સામાજિક સુરક્ષાની યોજનાઓથી ડેરીએ માત્ર વ્યવસાયિક નહીં પણ પારિવારિક સંબંધો બનાવ્યા છે.

## બનાસ ડેરી: આત્મનિર્ભરતાથી વૈશ્વિકતા તરફ:

ચેરમેન શ્રી શંકરભાઈના વિઝનથી બનાસ ડેરીએ વૈવિધ્યકરણ અને આધુનિકીકરણના માર્ગે ડગ માંડ્યા છે. ડેરીએ તેના ઉત્પાદનોની શ્રેણીમાં વધારો કર્યો છે – દૂધ, ઘી, માખણથી લઈને ચોકલેટ, પનીર અને અન્ય મૂલ્યવર્ધિત ઉત્પાદનો સુધી. આનાથી બનાસ ડેરી માત્ર દૂધ એકઠું કરતી સંસ્થા નહીં, પણ એક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ તરીકે સ્થાપિત થઈ છે. 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને અનુરૂપ, બનાસ ડેરીએ ઉત્પાદનમાં સ્વનિર્ભરતા હાંસલ કરી છે અને તેના ઉત્પાદનોની નિકાસ દ્વારા વિદેશી હૂંડિયામણ પણ કમાવ્યું છે.



## બનાસકાંઠાથી દેશના અન્ય રાજ્યોમાં વિકાસનો વિસ્તાર

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું નેતૃત્વ માત્ર બનાસકાંઠા પૂરતું સીમિત નથી, પરંતુ 'સહકારથી સમૃદ્ધિ'ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રવ્યાપી વિઝનને સાકાર કરવા માટે બનાસ ડેરીએ દેશના અન્ય રાજ્યોમાં પણ પોતાના પ્લાન્ટો શરૂ કર્યા છે.

## વિકાસનું નવું મોડેલ:

ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં નવા અત્યાધુનિક ડેરી પ્લાન્ટો અને પશુ આહારના પ્લાન્ટો સ્થાપિત કરીને, બનાસ ડેરીએ તે રાજ્યોના પશુપાલકોને પણ ગુજરાતના સફળ સહકારી મોડેલનો લાભ આપ્યો છે. આ વિસ્તરણથી માત્ર દૂધનું ઉત્પાદન જ નથી વધ્યું, પરંતુ તે રાજ્યોના લાખો નવા પશુપાલકોને પણ સારું વળતર અને સંગઠિત બજાર મળ્યું છે. આ રીતે, બનાસ ડેરીએ ગુજરાતની એક સંસ્થામાંથી બહાર નીકળીને, રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપતી એક મહત્ત્વપૂર્ણ સંસ્થા તરીકેની પોતાની ભૂમિકા સાબિત કરી છે.

## મહિલા સશક્તિકરણ: બનાસ ડેરીનો હૃદયરૂપી વિકાસ

બનાસ ડેરીની ગાથામાં સૌથી હૃદયસ્પર્શી અને મહત્વનો ભાગ મહિલા પશુપાલકોના સશક્તિકરણનો છે. બનાસકાંઠાના ગ્રામ્ય જીવનમાં, પશુપાલન અને દૂધ વ્યવસાયની જવાબદારી મોટાભાગે મહિલાઓના ખભા પર હોય છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ હકીકતને સમજીને મહિલાઓને ડેરીના વહીવટમાં અને નિર્ણય પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી આપી છે.

## લાખો પશુપાલક માતા-બહેનોનું સશક્તિકરણ:

મહિલા પશુપાલકો માટે વિશેષ તાલીમ કાર્યક્રમો, કૌશલ્ય વિકાસ કેન્દ્રો અને નાણાકીય સાક્ષરતાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આનાથી મહિલાઓ માત્ર પશુપાલનમાં જ નહીં, પણ ડેરીના હિસાબો અને અન્ય વહીવટી કાર્યોમાં પણ નિપુણ બની છે. દૂધના વેચાણથી મળતી આવક સીધી તેમના ખાતામાં જમા થવાને કારણે તેમની આર્થિક સ્વતંત્રતા વધી છે. આર્થિક સશક્તિકરણથી તેમને પરિવાર અને સમાજમાં નિર્ણય લેવાની શક્તિ મળી છે, જેનાથી સમગ્ર પ્રદેશનું સામાજિક માળખું વધુ મજબૂત બન્યું છે. બનાસ ડેરીએ જે 'શ્વેત ક્રાંતિ' સર્જી છે, તે મહિલા સશક્તિકરણ વિના અધૂરી છે.







## સુવર્ણ શ્વેત ક્રાંતિ 3.0: ભવિષ્યની રૂપરેખા

પશુપાલકોએ જે વિશ્વાસ અને આશીર્વાદ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને તેમની પેનલને વિજેતા બનાવ્યા છે, તે હવે 'સુવર્ણ શ્વેત ક્રાંતિ 3.0'ના નવા યુગમાં પરિવર્તિત થશે. આ ત્રીજી ટર્મનું લક્ષ્ય માત્ર પ્રગતિને જાળવી રાખવાનું નહીં, પરંતુ તેને બહુવિધ ગણી વધારવાનું છે.

## સમૃદ્ધિના નવા શિખરો તરફ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં, બનાસ ડેરીની ચૂંટણીનો આ વિજય માત્ર એક જીત નહીં, પરંતુ બનાસકાંઠાના પશુપાલકોની મહેનત, વિશ્વાસ અને આશીર્વાદનો સંગમ છે. આ વિજયે સાબિત કર્યું છે કે જ્યાં વિશ્વાસ છે, ત્યાં વિકાસ અચૂક છે. 'ભરોસાની હેટ્રિક' બાદ હવે બનાસ ડેરી 'સહકાર થી સમૃદ્ધિની હેટ્રિક' લગાવીને દેશના સહકારી ક્ષેત્રનું એક આદર્શ અને સફળ મોડેલ બની રહેશે.
ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, બનાસ ડેરી નિશ્ચિતપણે 'સુવર્ણ શ્વેત ક્રાંતિ 3.0'ના નવા અધ્યાયમાં પશુપાલકોની સમૃદ્ધિ અને દેશના વિકાસના નવા શિખરો સર કરશે. સમગ્ર બનાસ પરિવારને આ ભવ્ય વિજય બદલ ખૂબ ખૂબ અભિનંદન.



**બનાસ ડેરીની સેવા કરવા માટે સમરસ ભાવ સાથે સર્વાનુમતે ચેરમેન તથા વાઈસ ચેરમેન તરીકે વિશ્વાસ મૂકવામાં આવ્યો છે, તે બદલ શીર્ષસ્થ નેતૃત્વ તેમજ સમસ્ત બનાસ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.**

**આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સહકારથી સમૃદ્ધિના પંથે ડેરીની વિકાસયાત્રા સતત કાર્યશીલ રહેશે.**

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**





## “ બનાસ ડેરીમાં મહિલા ડિરેક્ટરોનું ઐતિહાસિક આગમન મોદીજીના 'નારીશક્તિ' વિઝનને સાકાર કરતું પગલું ”

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીના નવનિર્મિત નિયામક મંડળ 2025માં ચાર મહિલા ડિરેક્ટરોને સ્થાન મળવાની ઘટના એ માત્ર એક વહીવટી નિર્ણય નથી, પરંતુ બનાસ ડેરીના ૫૭ વર્ષના ઇતિહાસમાં મહિલા સશક્તિકરણની દિશામાં લેવાયેલું એક સુવર્ણ પગલું છે. આ ઐતિહાસિક પરિવર્તન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'નારી શક્તિ' ના વિઝનને સાકાર કરનારો અને સહકારી ક્ષેત્રમાં સમાનતાનો પાયો નાખનારો મહત્ત્વનું સીમાચિહ્ન છે.

### સહકારી ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણનો ઐતિહાસિક યુગારંભ

બનાસ ડેરીની સ્થાપનાથી લઈને અત્યાર સુધી, એટલે કે ૫૭ વર્ષના લાંબા ગાળામાં, ડેરીના સર્વોચ્ચ નીતિ-નિર્ધારક મંડળમાં ક્યારેય મહિલાઓને ડિરેક્ટર તરીકેનું સ્થાન મળ્યું નહોતું. આ પરંપરાને તોડીને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જે દીર્ઘદ્રષ્ટિ દર્શાવી છે, તે દર્શાવે છે કે તેઓ માત્ર દૂધ ઉત્પાદનના આંકડાઓથી નહીં, પરંતુ માનવ વિકાસ અને સામાજિક સમાનતાના પાયા પર ડેરીને આગળ વધારવા માંગે છે.

નિયામક મંડળમાં શ્રીમતી કમળાબેન દેસાઈ (ડીસા), શ્રીમતી અંબાબેન ચૌધરી (ભાભર), શ્રીમતી રમીલાબેન ચૌધરી (દિયોદર), અને શ્રીમતી માનીબેન ચૌધરી (વાવ)ની નિમણૂક એ ગ્રામીણ મહિલાઓની શક્તિ, સમર્પણ અને નેતૃત્વ ક્ષમતાને આપેલું સર્વોચ્ચ સન્માન છે.

### ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો મહિલા સશક્તિકરણનો અભિગમ: સન્માન અને ભાગીદારી

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો આ નિર્ણય કોઈ રાજકીય કે ઔપચારિક પગલું નથી, પરંતુ બનાસકાંઠાના પશુપાલન વ્યવસાયની વાસ્તવિકતાનો સ્વીકાર છે. ઉત્તર ગુજરાતમાં, પશુપાલનનું મોટું અને મહત્ત્વનું કામ મહિલાઓ જ સંભાળે છે. દૂધ દોહવાથી લઈને પશુઓની સંભાળ, ડેરી સુધી દૂધ પહોંચાડવા અને ઘરના આર્થિક વ્યવહારોમાં પણ તેમનો સીધો ફાળો છે. આ સત્યને સમજીને, ચેરમેનશ્રીએ મહિલાઓને માત્ર 'વ્યવસાયના હિસ્સેદાર' નહીં, પણ 'સંચાલક' અને 'નીતિ-નિર્ધારક' બનાવ્યા છે.





**સહકારી ક્ષેત્રમાં સેવા**
આ મહિલા ડિરેક્ટરો હવે ડેરીના ૨૧,૨૯૫ કરોડથી વધુના વાર્ષિક ટર્નઓવર અને હજારો ગામોના વિકાસને લગતા મહત્ત્વના નિર્ણયોમાં પોતાનો અનુભવ અને દૃષ્ટિકોણ ઉમેરશે.

**ગામડાના મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ**
બહેનો તેમના અંગત અનુભવથી ડેરીની યોજનાઓમાં એવા સુધારા સૂચવી શકશે, જે ગ્રામીણ સ્તરે મહિલા પશુપાલકોને સીધો લાભ પહોંચાડે, જેમ કે પશુઓના આરોગ્યની સેવાઓ, પોષણ અંગેના તાલીમ કાર્યક્રમો.

**નવા વિકલ્પો અને વધુ સન્માન**
આ નિમણૂકથી ડેરી દ્વારા ચાલતા અન્ય વ્યવસાયો અને સામાજિક પહેલોમાં પણ મહિલાઓ માટે નવા વિકલ્પો ખુલશે. આનાથી ગ્રામીણ મહિલાઓમાં આત્મસન્માન અને આત્મવિશ્વાસ વધશે.





**નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી:**
ડિરેક્ટર તરીકે મહિલાઓના આગમનથી ડેરીના વહીવટમાં મહિલા પશુપાલકોને લગતા મુદ્દાઓ, જેમ કે પશુપાલનની પ્રગતિ, ગ્રામીણ મહિલાઓની જરૂરિયાતો, અને આર્થિક ઉત્થાનના કાર્યક્રમો પર વધુ ધ્યાન કેન્દ્રિત થશે. તેમના અનુભવો અને દૃષ્ટિકોણથી ડેરીની યોજનાઓ વધુ અસરકારક બનશે.

**સહકાર અને સમરસતાનું ઉત્તમ ઉદાહરણ:**
આ પહેલ એ વાતનો પુરાવો છે કે સહકારી માળખું માત્ર આર્થિક પ્રગતિ માટેનું પ્લેટફોર્મ નથી, પણ સામાજિક સમાનતા અને સશક્તિકરણનું પણ માધ્યમ છે. શંકરભાઈનો અભિગમ દર્શાવે છે કે તેઓ સહકારના માધ્યમથી સમાજમાં સંતુલન લાવવા માંગે છે.

**નવા યુગની શરૂઆત અને પ્રેરણા:**
બનાસ ડેરીનો આ નિર્ણય દેશની અન્ય સહકારી સંસ્થાઓ અને મોટા ઉદ્યોગો માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડે છે કે નેતૃત્વમાં મહિલાઓને સ્થાન આપીને સંસ્થાને કેવી રીતે વધુ મજબૂત અને સમાવેશી બનાવી શકાય.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું 'નારી શક્તિ' વિઝન**
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ હંમેશા 'વિકાસ યાત્રામાં મહિલાઓની સમાન ભાગીદારી' પર ભાર મૂક્યો છે. તેમનું વિઝન છે કે મહિલાઓ માત્ર લાભાર્થી નહીં, પણ રાષ્ટ્ર નિર્માણની પ્રેરક શક્તિ બને.

## બનાસ ડેરીનો આ નિર્ણય મોદીજીના વિઝનને સહકારી ક્ષેત્રમાં સાકાર કરે છે

## બનાસ ડેરીના સહકારી ક્ષેત્રમાં મહિલાઓને ડિરેક્ટર બનાવવાના નિર્ણયનું મહત્વ

**મહિલાઓની શક્તિને સન્માન:**
બનાસકાંઠાના પશુપાલન વ્યવસાયમાં મહિલાઓનો ફાળો સર્વોપરી છે. દૂધ ઉત્પાદનથી માંડીને પશુઓની સંભાળ સુધીનું મોટાભાગનું કામ તેઓ સંભાળે છે. આ ઐતિહાસિક નિર્ણય દ્વારા શ્રી શંકરભાઈએ તેમની મહેનત અને યોગદાનને સત્તાવાર રીતે સ્વીકૃતિ અને સન્માન આપ્યું છે. હવે આ મહિલાઓ માત્ર શ્રમજીવી નહીં, પણ ડેરીના નીતિ-નિર્ધારણ કરનારી ભાગીદાર બની છે.

**આર્થિક સશક્તિકરણ:** જ્યારે મહિલાઓ સત્તાની ટોચ પર બેસે છે, ત્યારે તે માત્ર તેમનો નહીં, પણ સમગ્ર પરિવાર અને સમાજનું આર્થિક ઉત્થાન કરે છે. ડેરીના નફામાં વધુ પારદર્શિતા અને યોગ્ય વહેંચણી સુનિશ્ચિત કરવામાં આ મહિલાઓ મહત્ત્વની ભૂમિકા ભજવશે.

**સામાજિક પરિવર્તન:** બનાસ ડેરી જેવી મોટી સંસ્થાના નેતૃત્વમાં મહિલાઓનું આગમન સમાજમાં એક મજબૂત સંદેશ આપે છે કે મહિલાઓ માત્ર ઘર સંભાળવા પૂરતી સીમિત નથી, પરંતુ મોટી સંસ્થાઓનું નેતૃત્વ કરવા પણ સક્ષમ છે. આનાથી યુવા પેઢીની છોકરીઓને પ્રેરણા મળશે.

**સહકારની સાચી ભાવના:** ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સાબિત કર્યું છે કે સહકારનું માળખું માત્ર સમૃદ્ધિની દિશામાં જ નહિ, પણ મહિલા સશક્તિકરણને વેગ આપી તેમને સર્વાંગી રીતે સશક્ત બનાવવા જરૂરી છે.

# એક પ્રેરક પગલું

બનાસ ડેરીના નિયામક મંડળમાં ચાર મહિલા ડિરેક્ટરોની નિમણૂક એ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રગતિશીલ અને સમાવેશી નેતૃત્વની સ્પષ્ટ નિશાની છે. આ નિર્ણય દ્વારા, તેમણે સાબિત કર્યું છે કે જ્યાં ઈચ્છાશક્તિ હોય છે, ત્યાં ઐતિહાસિક પરિવર્તન પણ શક્ય છે. આ પગલું માત્ર બનાસ ડેરી માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના સહકારી આંદોલન માટે એક પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે. હવેથી, આ મહિલા ડિરેક્ટરશ્રીઓ બનાસ ડેરીના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં સક્રિય યોગદાન આપશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં લેવાયેલું આ પગલું, બનાસ ડેરીના ઇતિહાસમાં સ્વર્ણિમ પ્રકરણ તરીકે અંકિત થશે. તે માત્ર ચાર મહિલાઓને સ્થાન આપવાની વાત નથી, પરંતુ હજારો મહિલા પશુપાલકોને આત્મવિશ્વાસ અને પ્રગતિની નવી દિશા આપવાની વાત છે. આ નિર્ણય ગુજરાતના સહકારી ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણનું એક મજબૂત પ્રતીક બની રહેશે.





## "હું બનાસને શીખવવા નહીં, પણ બનાસ પાસેથી શીખવા આવ્યો છું." ડૉ. આશીષ કુમાર ભૂતાની

## કેન્દ્રીય સહકાર મંત્રાલય દ્વારા શ્વેત ક્રાંતિ ૨.૦ માટે બનાસ મોડેલના બ્લુપ્રિન્ટનું અધ્યયન

## બનાસ ડેરી: સહકારની શક્તિ, શ્વેત ક્રાંતિ ૨.૦નો પ્રેરણા સ્ત્રો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના માર્ગદર્શન અને માનનીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિત શાહજીના વિઝનરી નેતૃત્વ હેઠળ ભારતમાં "સહકાર સે સમૃદ્ધિ"ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે "શ્વેત ક્રાંતિ ૨.0"ની મહત્વાકાંક્ષી યોજનાને વેગ આપવા તરફ એક નિર્ણાયક અને ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું. આ પગલાંના ભાગરૂપે, ભારત સરકારના સહકાર મંત્રાલય (MoC)ના સચિવ ડૉ. શ્રી આશીષ કુમાર ભૂતાનીજીના નેતૃત્વ હેઠળ એક ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળ ગુજરાતના બનાસકાંઠા સ્થિત એશિયાની સૌથી મોટી અને ગૌરવવંતી સંસ્થા, બનાસ ડેરીની બે દિવસીય વિસ્તૃત મુલાકાતે આવ્યું હતું. આ પ્રતિનિધિમંડળમાં NCDC (નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન) અને NCCT (નેશનલ કાઉન્સિલ ફોર કોઓપરેટિવ ટ્રેનિંગ)ના વરિષ્ઠ અધિકારીઓ તેમજ સહકારી ક્ષેત્રના દિગ્ગજ, અમૂલ (GCMMF)ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયેન મહેતા સહિતના મુખ્ય હિતધારકો જોડાયા હતા. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીજીએ તેમનું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત માત્ર એક નિરીક્ષણ નહોતી, પરંતુ બનાસના સફળ અને સંકલિત સર્વાંગી સહકારી મોડેલનું ગહન અધ્યયન સ્વ નિરીક્ષણ કરવા, તેની "સૌનો સાથ સૌનો વિકાસ" સફળતાના રહસ્યો જાણવા અને તેના પાયાના સિદ્ધાંતોને રાષ્ટ્રવ્યાપી ધોરણે અપનાવવાની શક્યતાઓ ચકાસવા માટેનું એક મિશન હતું.

### મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય: શ્વેત ક્રાંતિ ૨.૦ માટે બનાસ મોડેલના બ્લુપ્રિન્ટનું નિરીક્ષણ

આ મુલાકાતનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતના ડેરી ક્ષેત્રને વધુ સંગઠિત, ટેકનોલોજીકલ અને ખેડૂત-કેન્દ્રિત બનાવવા માટે બનાસ ડેરી દ્વારા અપનાવવામાં આવેલા સર્વાંગી વિકાસના ટકાઉ મોડેલની કાર્યક્ષમતાને નજીકથી સમજવાનો હતો. આ મોડેલનું અધ્યયન કરીને, અન્ય રાજ્યો અને પ્રદેશોમાં સમાન સહકારી માળખાને સ્થાપિત કરવા માટે એક વ્યવહારિક માર્ગરેખા તૈયાર કરવાની સરકારની યોજના છે. મુખ્ય લક્ષ્યોમાં બનાસના બહુઆયામી અભિગમને સમજવાનો હતો, જેમાં ડેરીએ માત્ર દૂધ ઉત્પાદન જ નહીં, પણ કૃષિ, ઉર્જા ઉત્પાદન, શિક્ષણ, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક કલ્યાણમાં પણ સફળતા મેળવી છે. ખાસ કરીને, ગ્રામીણ મહિલાઓનું સશક્તિકરણ, પશુપાલનમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અને સર્ક્યુલર ઇકોનોમી (વર્તુળમય અર્થતંત્ર) ના સિદ્ધાંતોનું સફળ સંકલન કેવી રીતે કરી શકાય, તે બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ મુલાકાતનો અંતિમ ઉદ્દેશ્ય એવા નક્કર પગલાં ઓળખવાનો હતો, જે શ્વેત ક્રાંતિ ૨.0ના લક્ષ્યોને સાકાર કરીને આગામી પાંચ વર્ષમાં ભારતની ડેરી ક્ષમતાને અભૂતપૂર્વ સ્તરે લઈ જઈ શકાય.

### મુલાકાત દરમિયાન નિરીક્ષણ કરાયેલ એકમો: ટેકનોલોજી અને વૈવિધ્યકરણનું જીવંત પ્રદર્શન

પ્રતિનિધિમંડળે બે દિવસ દરમિયાન બનાસ ડેરીના વિવિધ અદ્યતન સંકુલ અને ગ્રામીણ સ્તરના એકમોની મુલાકાત લઈને બનાસના સંકલિત વિકાસ મોડેલનું નિરીક્ષણ કર્યું. યાત્રાનો શુભારંભ જગતજનની માં અંબાજીના દર્શનથી થયો, જેના પગલે દિયોદર સંકુલમાં બનાસ મોડેલનું વિગતવાર પ્રેઝન્ટેશન યોજાયું. આ પ્રેઝન્ટેશન બાદ, અધિકારીઓએ આધુનિક બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટ અને આઇસ્ક્રીમ પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું, જે દર્શાવે છે કે કેવી રીતે કૃષિ ઉત્પાદનોના મૂલ્યવર્ધન દ્વારા ઘર આંગણે ખેડૂતોની આવક વધારવામાં આવે છે વધારી શકાય છે.






પશુપાલન અને કૃષિ ક્ષેત્રમાં થયેલા ક્રાંતિકારી પરિવર્તનને સમજવા માટે રૈયા ફાર્મની મુલાકાત લેવામાં આવી. અહીં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી (ETT) દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા પશુધનની નસલ સુધારણા અને જમીન વિનાની ખેતીની પદ્ધતિ હાઇડ્રોપોનિક પ્લાન્ટનું નિરીક્ષણ કરવામાં આવ્યું, જે ચારાની અછત સામે લડવા માટેનું એક કાર્યક્ષમ મોડેલ છે.

પર્યાવરણીય સ્થિરતા અને ગ્રીન ઇનિશિયેટિવ્સ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. થરાદ સંકુલ ખાતે બનાસ સેવ સોઇલ લેબની મુલાકાત લેવામાં આવી, જે જમીનના સ્વાસ્થ્ય માટે ડેરીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ ઉપરાંત, સુઝુકી બાયો-સીએનજી પ્લાન્ટ (આગથળા) અને દામા સીએનજી પ્લાન્ટનું અવલોકન કરીને પશુઓના છાણમાંથી સ્વચ્છ ઉર્જા (CNG) કેવી રીતે ઉત્પન્ન થાય છે, સાથે સાથે છાણીયા ખાતરનું મૂલ્યવર્ધન કરી શકાય, તે સમજવામાં આવ્યું. આ મુલાકાતમાં કાતારવા કેટલ ફીડ પ્લાન્ટ અને બનાસ સિમેન પ્રોડક્શન યુનિટ પણ સામેલ હતા. આ મુલાકાતનું એક સૌથી મહત્ત્વનું પાસું એ હતું કે અધિકારીઓએ ગ્રામ્ય મહિલાઓ સાથે સંવાદ કરીને તેમના દ્વારા પશુઓના દૂધ ઉપરાંત છાણમાંથી વધારાની આવક મેળવવાના મોડેલની પ્રશંસા કરી, જે સાચા અર્થમાં સર્ક્યુલર ઇકોનોમીનું ઉત્તમ ઉદાહરણ છે.

સામાજિક જવાબદારીના ક્ષેત્રમાં, પ્રતિનિધિમંડળે આમીરગઢ ખાતેના ડુંગરપુરા ગામે જળ સંગ્રહ અને વૃક્ષારોપણના કાર્યો, તેમજ શિક્ષણ અને સ્વાસ્થ્યમાં યોગદાન આપતી બનાસ મેડિકલ કોલેજ અને બનાસ સૈનિક સ્કૂલની મુલાકાત લીધી. અંતે, બાદરપુરા ખાતે બનાસ ફૂડ કોમ્પ્લેક્સમાં મધ પ્રોસેસિંગ પ્લાન્ટ અને નવા કાચી-ઘાણી તેલ પ્લાન્ટ તેમજ પાલનપુર કેમ્પસમાં ચીઝ પ્લાન્ટ અને વ્હે પ્લાન્ટનું નિરીક્ષણ કરીને બનાસના ખેત ઉત્પાદનોના વ્યાપક મૂલ્યવર્ધન પ્રયાસોની નોંધ લેવામાં આવી. સમગ્ર યાત્રા દરમિયાન, થાવર, કુશ્કલ, અને લુણવા ખાતેની ગ્રામ્ય દૂધ મંડળીઓના કાર્યનું પણ નિરીક્ષણ તેમજ દૂધ ઉત્પાદકો સાથે સંવાદ કર્યો હતો.

## મુલાકાત બાદના ઉદ્ગારો: રાષ્ટ્રીય પ્રેરણાનું પ્રમાણપત્ર

બે દિવસીય આ વિસ્તૃત મુલાકાત પૂર્ણ થયા બાદ, પ્રતિનિધિમંડળે બનાસ ડેરીના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીજી અને સમગ્ર સંસ્થાની પ્રશંસા કરી. સચિવ ડૉ. આશીષ કુમાર ભૂતાનીજીનો મુખ્ય ઉદ્ગાર, "હું બનાસને શીખવવા નહીં, પણ બનાસ પાસેથી શીખવા આવ્યો છું," બનાસ મોડેલની રાષ્ટ્રીય મહત્તા અને પ્રેરક શક્તિ દર્શાવે છે. અધિકારીઓએ સર્વસંમતિથી સ્વીકાર્યું કે બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પણ ટેકનોલોજીકલ પ્રગતિ, પર્યાવરણીય સ્થિરતા અને ગ્રામીણ સશક્તિકરણના ક્ષેત્રમાં પણ અગ્રણી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બનાસ ડેરીએ "સહકાર સે સમૃદ્ધિ"ના વિઝનને માત્ર સિદ્ધ જ નથી કર્યું, પરંતુ તેને એક મૂર્ત, સફળ મોડેલમાં પરિવર્તિત કર્યું છે, જે સમગ્ર દેશ માટે એક પ્રેરણાદાયી બ્લુપ્રિન્ટ બની શકે છે. આ મુલાકાત, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના માર્ગદર્શન અને ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિત શાહજીના નેતૃત્વ હેઠળ, ભારતની "શ્વેત ક્રાંતિ ૨.0"ની મહત્વાકાંક્ષાઓને સાકાર કરવા માટેનું એક નિર્ણાયક અને આવશ્યક પગલું સાબિત થઈ છે.

## નિષ્કર્ષ: સહકારી શક્તિનું ભવિષ્ય

આ મુલાકાત એ વાતની પુષ્ટિ કરે છે કે ભારતીય ડેરી ક્ષેત્રનું ભવિષ્ય સહકારી માળખા દ્વારા જ સુનિશ્ચિત થઈ શકે છે. બનાસ ડેરીનું સર્વાંગી મોડેલ સ્પષ્ટપણે દર્શાવે છે કે જ્યારે મજબૂત નેતૃત્વ, અદ્યતન ટેકનોલોજી, મૂલ્યવર્ધન અને સામાજિક જવાબદારીનું સંકલન થાય છે, ત્યારે ગ્રામીણ અર્થતંત્રમાં કેવા અભૂતપૂર્વ પરિવર્તનો લાવી શકાય છે. શ્વેત ક્રાંતિ ૨.0નો માર્ગ બનાસ ડેરી જેવી સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયેલા નક્કર પગલાંઓ પર આધારિત છે, જે માત્ર દૂધ ઉત્પાદકતા જ નહીં, પરંતુ ખેડૂતોની આવકમાં વધારો, મહિલાઓનું સશક્તિકરણ અને પર્યાવરણીય સ્થિરતા પણ સુનિશ્ચિત કરે છે, જે સંસ્થાના ભવિષ્યના ટકાઉ વિકાસની રૂપરેખા તૈયાર કરે છે. બનાસ ડેરી આજે માત્ર ગુજરાતનું ગૌરવ નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્રના સહકારી ક્ષેત્ર માટે પ્રેરણા અને માર્ગદર્શનનો સ્ત્રોત બની ચૂકી છે, જે ભારતના ગ્રામીણ વિકાસના નવા યુગની શરૂઆતનું પ્રતીક છે. આ મોડેલનું સફળ રાષ્ટ્રીય અમલન જ ભારતને વૈશ્વિક ડેરી ક્ષેત્રમાં અગ્રેસર બનાવવામાં મદદરૂપ થશે અને સાચા અર્થમાં "સહકાર સે સમૃદ્ધિ"ના લક્ષ્યને સિદ્ધ કરશે.





# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશના ૮ કરોડ ખેડૂતો ડેરી ક્ષેત્રમાં જોડાયા: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ




**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ૭૦ ટકાની ગતિથી દેશનો ડેરી સેક્ટર દુનિયામાં સૌથી ઝડપી ગતિએ આગળ વધનાર ક્ષેત્ર બની ગયું છે.**

**મોદીજીના નેતૃત્વમાં સહકારિતાનો મજબૂત પાયો નાખવામાં આવી રહ્યો છે, વર્ષ ૨૦૨૯ સુધીમાં દેશની દરેક પંચાયતમાં એક સહકારી સમિતિ બનશે.**

**મોદી સરકારની નીતિઓના કારણે જ દેશના 8 કરોડ ખેડૂતો ડેરી સેક્ટર સાથે જોડાઈ ગયા છે.**

**આજે દેશની દૂધ પ્રોસેસિંગની ક્ષમતા ૬૬૦ લાખ લીટર પ્રતિ દિવસ છે, જેને ૨૦૨૮-૨૯માં ૧ હજાર લાખ લીટર પ્રતિ દિવસ સુધી પહોંચાડવાની છે.**

**મોદી સરકાર ડેરી પ્લાન્ટ નિર્માણ અને તેનાથી જોડાયેલા રિસર્ચ અને ડેવલપમેન્ટના સેક્ટરમાં ત્રણ ગણી ઝડપ લાવીને ડેરી સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહી છે.**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ૩ ઓક્ટોબરના રોજ હરિયાણાના રોહતકમાં સાબર ડેરી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે હરિયાણાના મુખ્યમંત્રી શ્રી નાયબ સિંહ સૈની, કેન્દ્રીય સહકારિતા રાજ્યમંત્રી શ્રી કૃષ્ણપાલ ગુર્જર અને કેન્દ્રીય મંત્રી શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ તેમજ આપણી બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સહીત અનેક મહાનુભાવો ઉપસ્થિત હતા.

આ પ્રસંગે પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશના ખેડૂતોની દાયકાઓ જૂની અલગ સહકારિતા મંત્રાલયના નિર્માણની માંગને પૂરી કરવાનું કામ કર્યું છે અને તે માટે સમગ્ર દેશ વતી તેમનો આભાર છે. તેમણે કહ્યું કે છેલ્લા ૪ વર્ષોમાં દેશની તમામ રાજ્ય સરકારોને સાથે લઈને સહકારિતા મંત્રાલયે સહકારિતાના પાયાને મજબૂત કરવાનું કામ કર્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વર્ષ ૨૦૨૯ સુધીમાં દેશની એક પણ પંચાયત એવી નહીં રહે, જ્યાં એક પણ સહકારી સમિતિ ન હોય.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે ગુજરાતમાં ત્રિભુવનભાઈ, ભૂરાભાઈ અને ગલબાભાઈએ ડેરીઓના પાયા નાખ્યા અને આજે કોઓપરેટિવ ડેરીના માધ્યમથી ગુજરાતની ૩૫ લાખ બહેનો વાર્ષિક ૮૫ હજાર કરોડ રૂપિયાનો વેપાર કરી રહી છે.




કેન્દ્રીય સહકારિતા શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે આજે આપણી ડેરીઓ રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોની સેવા કરી રહી છે. અમૂલના નેતૃત્વમાં ગુજરાતમાં આધુનિક પ્રજનન તકનીકો – ભ્રૂણ સ્થાનાંતરણ અને લિંગ નિર્ધારણ – પર ઘણું વૈજ્ઞાનિક કામ થયું છે. આ બંને તકનીકો હરિયાણાના પશુપાલકોને પણ ઉપલબ્ધ થવી જોઈએ. તેમણે કહ્યું કે આની સાથે-સાથે મધમાખી ઉછેર અને જૈવિક ખેતીને પણ રાજ્યમાં પ્રોત્સાહન આપવાની જરૂર છે. ગુજરાતમાં ગોબર ગેસ માટે ઘણા સારા પ્રયોગો થયા છે અને હરિયાણામાં પણ આ પ્રયોગોને લાગુ કરવાની જરૂર છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતનો ડેરી સેક્ટર છેલ્લા ૧૧ વર્ષમાં ૭૦ ટકાની ક્ષમતાથી વધ્યો છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતનો ડેરી સેક્ટર વિશ્વમાં સૌથી ઝડપથી વધનારો ડેરી સેક્ટર બન્યો છે. તેમણે કહ્યું કે ૨૦૧૪-૧૫ માં ભારતમાં દૂધ આપતા પશુઓની સંખ્યા ૮૬ મિલિયન હતી જે હવે વધીને ૧૧૨ મિલિયન થઈ ગઈ છે. એ જ રીતે, દૂધ ઉત્પાદન ૧૪૬ મિલિયન ટનથી વધીને ૨૩૯ મિલિયન ટન થઈ ગયું છે. તેમણે કહ્યું કે દેશી નસલની ગાયના દૂધનું ઉત્પાદન ૨૯ મિલિયન ટનથી વધીને ૫૦ મિલિયન ટન સુધી પહોંચી ગયું છે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આજે ભારતના લગભગ ૮ કરોડ ખેડૂતો ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલા છે. તેમણે કહ્યું કે ભારતમાં દૂધની પ્રતિ વ્યક્તિ ઉપલબ્ધતાને ૧૨૪ ગ્રામથી વધારીને ૪૭૧ ગ્રામ કરવાનું કામ આપણા દેશના ખેડૂતોએ કર્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ભારતના ડેરી સેક્ટરમાં ઘણા બદલાવ થયા છે અને તેના કારણે આપણા ખેડૂતો સમૃદ્ધ થયા છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે શ્વેત ક્રાંતિ ૨.૦ હેઠળ આવનારા દિવસોમાં દેશભરમાં ૭૫ હજારથી વધુ ડેરી સમિતિઓની સ્થાપના થશે અને સરકાર ૪૬ હજાર ડેરી કોઓપરેટિવ સમિતિઓને મજબૂત પણ કરશે. શ્રી શાહે કહ્યું કે આપણી વર્તમાન દૂધ પ્રક્રિયાકરણ ક્ષમતા ૬૬૦ લાખ લીટર પ્રતિ દિવસ છે અને વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં તેને વધારીને ૧ હજાર લાખ લીટર સુધી કરવાનું આપણું લક્ષ્ય છે. તેમણે કહ્યું કે આ લક્ષ્ય હાંસલ કરવા પર સમગ્ર નફો દૂધ ઉત્પાદન કરનારી આપણી કિસાન માતાઓ-બહેનોને મળે છે. એક વર્ષમાં જ લગભગ 33 હજાર કોઓપરેટિવ્સની નોંધણી કરી દેવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે હાલમાં જ મોદી સરકારે ત્રણ રાષ્ટ્રીય સહકારી સમિતિઓ બનાવી છે – પશુ આહારના ઉત્પાદન માટે, ગોબરના પ્રબંધન માટે અને મૃત પશુઓના અવશેષોનો સર્ક્યુલર ઈકોનોમીમાં ઉપયોગ કરવા માટે. તેમણે કહ્યું કે મોદી સરકારે રાષ્ટ્રીય ગોકુલ મિશન, રાષ્ટ્રીય કૃત્રિમ ગર્ભાધાન કાર્યક્રમ શરૂ કર્યો, પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ બનાવ્યો અને રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ ચલાવ્યો. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આપણે ડેરી પ્લાન્ટના નિર્માણની દ્રષ્ટિએ પણ આત્મનિર્ભર બનવા માંગીએ છીએ અને તે માટે મોદી સરકાર ડેરી પ્લાન્ટ નિર્માણ અને તેનાથી જોડાયેલા રિસર્ચ અને ડેવલપમેન્ટના સેક્ટરમાં ત્રણ ગણી ઝડપ લાવીને ડેરી સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહી છે.





# આદ્યશક્તિ માઁ અંબાજીના દર્શન કરવા જતા લાખો પદયાત્રીઓ માટે બનાસ ડેરીનો મેડીકલ સેવા કેમ્પ-2025



**શ્રદ્ધાળુઓ સ્વસ્થ અને સહીસલામત પોતાના ઘરે પાછા ફરે એ ઉમદા હેતુ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ શુભારંભ કરાવ્યો હતો**

**ઓછા ખર્ચમાં તમામ શ્રેષ્ઠ સુવિધાઓ અને સેવા માઁ અંબાના દર્શને જતા ભાવિક ભક્તોને આપવાના અભિગમ સાથે બનાસ ડેરીનો મેડીકલ સેવા કેમ્પ**

પ્રસિદ્ધ અંબાજી ધામ ખાતે શરુ થયેલ ભાદરવી પૂનમના મહામેળામાં આદ્યશક્તિ માઁ અંબાજીની આરાધના અને દર્શન કરવા જતા લાખો પદયાત્રીઓની સેવા કરવા, મેડિકલ તેમજ આરામ કરવા માટેની ઉત્તમ સુવિધાઓ પુરી પાડવાના સુગમ હેતુસર દાંતા ખાતે સૌ ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલ પાલનપુર દ્વારા આયોજિત બનાસ મેડિકલ સેવા કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. મેડિકલ સંબંધિત તમામ શ્રેષ્ઠ સુવિધાઓ અને સેવા માઁ અંબાના દર્શને જતા ભક્તોને આપવાનો અભિગમ બનાસ ડેરીનો છે.

હાલમાં રાજ્યભરમાંથી પરમ ભક્તો માઁ અંબાના દર્શન કરવા માટે અંબાજી તરફ પગપાળા યાત્રા કરી રહ્યા છે, જેના કારણે જિલ્લાના રસ્તાઓ અત્યારે પદયાત્રીઓના " જય જય અંબે" ના નારાથી ગુંજી ઉઠયા છે. આ પદયાત્રીઓની સેવા કરવા માટે મોટી સંખ્યામાં સેવાભાવી લોકોએ કેમ્પ યોજીને નાસ્તા, જમવા, પાણીની સેવાઓ પુરી પાડતા હોય છે ત્યારે બનાસ ડેરી દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી એક અનોખા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ બનાસ ડેરી, બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા બનાસ ડેરીના શીત કેન્દ્ર, દાંતા ખાતે બનાસ મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. માઁ અંબાજીની પૂજા-અર્ચના અને આરતી કરીને ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ દ્વારા આ કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

બનાસ મેડિકલ કેમ્પના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ ભાવિક ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે જ્યારથી આપણી બનાસ મેડિકલ કોલેજ શરુ થઇ છે ત્યારથી અંબાજી જતા યાત્રાળુઓ માટે મેડિકલ કેમ્પ શરુ કરવામાં આવે છે. આ યાત્રાળુઓ માટે ઘણા બધા સેવાભાવી લોકો દ્વારા જમવા અને નાસ્તા માટેના કેમ્પસનું આયોજન તો કરવામાં આવે છે, પરંતુ આ યાત્રા દરમિયાન જયારે કોઈ ભક્તને તાવ આવે, બી.પી વધ ઘટ થાય, થાક લાગે, ઓક્સિજનની તકલીફ સર્જાય ત્યારે તે ભક્તને પાછા ઘરે જવું પડતું હોય છે અથવા તો તાત્કાલિક સારવારની જરૂર પડતી હોય છે, તો આવી પરિસ્થિતિમાં આ ભાવિક ભક્તોને તંદુરસ્તી સાથે માઁ અંબાના દર્શન કરી સહી સલામત પોતાના ઘરે પાછા ફરે એ ઉમદા અભિગમ સાથે બનાસ ડેરી દ્વારા બનાસ મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અંબાજીની યાત્રા દરમિયાન જો કોઈ પદયાત્રી શારીરિક થાક અનુભવે કે દુખાવો થાય તો તેના માટે ફેઝિયોથેરાપી, કોઈ વ્યક્તિ બીમાર થાય તો તેના માટે તમામ પ્રકારની દવા, ટોઇલેટનું વ્યવસ્થા, પગના દુખાવા માટે ગરમ પાણી અને માલીશ, થાક અનુભવતા ભક્તો માટે મોટા પ્રમાણમાં ખાટલાની વ્યસ્થા સાથે આરામ કક્ષ બનાવાયો છે અને જો કોઈને શ્વાસમાં તકલીફ પડે તો તેના માટે ઓક્સિજનની સુવિધા તેમજ કોઈપણ ઇમર્જન્સી સર્જાય તો માણસને બચાવી શકાય એવી વ્યવસ્થા સાથે ડોક્ટર્સની 24 કલાક ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ રીતે સેવા પુરી પાડવાનું આયોજન બનાસ ડેરીએ આ કેમ્પનું કર્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બનાસ ડેરીના નિયામક મંડળ, NDDB ના ચેરમેનશ્રી સાથે તેઓએ બ્રાઝિલ દેશની મુલાકાત કરી હતી. બ્રાઝીલ દેશે વર્ષો પહેલા આપણી ધરોહર સમાન કાંકરેજ અને ગીર ગાયોને લઇ જઈ તેનું સંવર્ધન કરી વિશ્વમાં વધુ દૂધ આપતી જાતો પેદા કરીને દૂધ ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે ત્યારે આ વધુ દૂધ આપતી કાંકરેજ અને ગીર ગાયોની સંતતિને એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી આપણા બનાસકાંઠામાં લાવી ઉત્કૃષ્ટ ઓલાદોમાં વધારો તેમજ ગૌવંશ સુધારણા કરવાનો પ્રયાસ આગામી સમયમાં બનાસડેરી દ્વારા કરવામાં આવશે, જેના કારણે આપણા પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરતા થશે અને આર્થિકરીતે વધુ મજબૂત બનશે.

શ્રી શંકરભાઇ ચૌધરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો ઉલ્લેખ કરતા હર્ષભેર કહ્યું હતું દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ એમના મુખ્યમંત્રી સમય દરમિયાન ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠની સ્થાપના કરી એ આજે શ્રદ્ધાળુઓ માટે એક જ જગ્યાએ એક સાથે ૫૧ શક્તિપીઠનાં દર્શન - પૂજન કરવાનો એક અણમોલ લ્હાવો છે. અંબાજી ધામના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા બદલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો અને અંબાજી જતા પદયાત્રીઓ માટે ઉતમ વ્યવસ્થા કરવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી એ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો સાથે છેલ્લા ૧૫ વર્ષથી અવિરત ચાલતા જય જલીયાણ ફાઉન્ડેશન દ્વારા દાંતા ખાતે શરૂ કરાયેલ પદયાત્રીઓ માટેના સેવા કેમ્પની મુલાકાત લઈ, સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી સાથે અંબાજી ધામની મુલાકાત કરીને માઁ અંબાના દર્શન કર્યા હતા.







# બાદરપુરા ખાતે 100 TPD ક્ષમતા ધરાવતા અત્યાધુનિક બનાસ ઓઈલ પ્લાન્ટનો થયો શુભારંભ

## બનાસ ડેરી દ્વારા બાદરપુરા ખાતે રૂપિયા ૪૮ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ TPD ક્ષમતા ધરાવતા અત્યાધુનિક બનાસ ઓઈલ પ્લાન્ટનો ભવ્ય શુભારંભ

બનાસ ડેરીએ સહકારી ક્ષેત્રે એક વધુ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. બનાસકાંઠાના બાદરપુરા ખાતે ૧૦૦ મેટ્રિક ટન પ્રતિદિન (TPD)ની ક્ષમતા ધરાવતા અને રૂપિયા ૪૮ કરોડના ખર્ચે નિર્મિત અત્યાધુનિક બનાસ ઓઈલ પ્લાન્ટનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો છે. આ લોકાર્પણ સમારોહમાં બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, રાજ્યના મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી અજયભાઈ પટેલ તથા અનેક અન્ય મહાનુભાવોની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.

### ખેડૂતોને ઉત્તમ ભાવ અને આર્થિક લાભ: આત્મનિર્ભરતા તરફ એક કદમ

બનાસ ઓઈલ પ્લાન્ટનો શુભારંભ બનાસકાંઠાના ખેડૂતો અને સ્થાનિક અર્થતંત્ર માટે આશાનું નવું કિરણ લઈને આવ્યો છે. આ પ્લાન્ટમાં સિઝન પ્રમાણે મુખ્યત્વે રાયડો (સરસવ) અને મગફળીમાંથી ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલનું ઉત્પાદન કરવામાં આવશે.

બનાસ ડેરી દ્વારા તેલીબિયાં પાકોની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવશે, જેનાથી બનાસકાંઠાના હજારો ખેડૂતોને તેમના પાકના ઉત્તમ અને પોષણક્ષમ ભાવ મળી રહેશે. વચેટિયાઓનો અંત આવતાં ખેડૂતોને વધારાનો આર્થિક લાભ સુનિશ્ચિત થશે, જે તેમની આવકમાં સીધો વધારો કરશે. આ પગલું માત્ર ખેડૂતોને જ નહીં પરંતુ સમગ્ર સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.



### તેલીબિયાં ઉદ્યોગમાં બનાસ ડેરીનું મહત્વપૂર્ણ પગલું

બાદરપુરા ખાતેનું આ અત્યાધુનિક એકમ આધુનિક ટેક્નોલોજીથી સજ્જ છે, જે રાયડા અને મગફળીનું ઉચ્ચ ગુણવત્તા સાથે પીલાણ કરવાની ક્ષમતા ધરાવે છે. પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન તેલીબિયાંનું પીલાણ કરવાની ક્ષમતા સાથે, બનાસ ડેરીએ રાજ્યના તેલીબિયાં ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ અને આગવું સ્થાન પ્રાપ્ત કરવા તરફ એક મજબૂત કદમ ભર્યું છે.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "આ નવો ઓઈલ પ્લાન્ટ માત્ર એક ઉત્પાદન એકમ નથી, પરંતુ તે બનાસકાંઠાના ખેડૂતોની મહેનત અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે. તેલીબિયાંની સીધી ખરીદી અને મૂલ્યવર્ધન થકી, અમે ખેડૂતોને ખાતરી આપી શકીએ છીએ કે તેમને તેમના ઉત્પાદનનો યોગ્ય અને મહત્તમ નફો મળશે, જે તેમને તેલીબિયાંની ખેતી માટે વધુ પ્રોત્સાહિત કરશે."

### મૂલ્યવર્ધન અને સ્થાનિક વિકાસ

બનાસ ઓઈલ પ્લાન્ટના કાર્યન્વિત થવાથી બનાસકાંઠા જિલ્લામાં તેલીબિયાં પાકની ખેતી કરતાં ખેડૂતોને વધુ ખેતી કરવા માટે પ્રોત્સાહન મળ્યું છે. આ પ્લાન્ટ રાયડા અને મગફળીના તેલના ઉત્પાદન અને વિતરણમાં બનાસ ડેરીને અગ્રણી સ્થાન અપાવશે.

સૌથી અગત્યનું, આ ઉદ્યોગ તેલીબિયાંના ઉત્પાદનોમાં વેલ્યુએડિશન (મૂલ્યવર્ધન) કરશે. તેલીબિયાંના પીલાણ અને તેલના ઉત્પાદનથી ખેડૂતોને કાચા માલના વેચાણ કરતાં વધુ નફો થશે. સહકારી માળખા દ્વારા આ નફાનો લાભ અંતે ખેડૂતો સુધી પહોંચશે. આ આધુનિક ઓઈલ પ્લાન્ટ સ્થાનિક સ્તરે રોજગારની તકો ઊભી કરીને અને ખેતી આધારિત ઉદ્યોગને પ્રોત્સાહન આપીને સ્થાનિક વિકાસમાં પણ નોંધપાત્ર યોગદાન આપશે.







# બનાસ ડેરીને પ્રતિષ્ઠિત 'મહાત્મા એવોર્ડ' એનાયત: સહકારી ક્ષેત્રે શ્રેષ્ઠતાનું સન્માન

દિલ્હી ખાતે બનાસ ડેરીને 'Cooperative excellence' શ્રેણીમાં પ્રતિષ્ઠિત 'મહાત્મા એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવી. આ પુરસ્કાર વૈશ્વિક સ્તરે એવા વ્યક્તિઓ અને સંગઠનોને સન્માને છે, જેઓ ટકાઉ વિકાસ, સશક્તિકરણ અને સુરક્ષિત ભવિષ્યના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દિલ્હી ખાતે આ મહત્વપૂર્ણ એવોર્ડ ગૌરવભેર સ્વીકાર્યો હતો. તેમણે આ સન્માનને બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકોની મહેનત, સહકારની ભાવના અને સમર્પણને સમર્પિત કર્યું હતું.






આ સન્માન બનાસ ડેરી દૂધ ઉત્પાદનથી આગળ વધીને, પર્યાવરણને અનુકૂળ અને લાંબા ગાળા સુધી ટકી રહે તેવી વ્યવસાયિક પદ્ધતિઓ અપનાવવા માટેની પ્રતિબદ્ધતા, પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે ગુણવત્તાયુક્ત પશુ આહાર, રસીકરણ અભિયાન, પશુ વીમા યોજનાઓ અને અન્ય કલ્યાણકારી કાર્યક્રમો દ્વારા તેમને સતત સશક્ત કરવા માટેની કટીબદ્ધતા અને દૂધ ઉત્પાદકો અને તેમના પરિવારો માટે આરોગ્ય, શિક્ષણ અને રોજગારના ક્ષેત્રે કરવામાં આવતી પહેલો દ્વારા વ્યાપક સામાજિક જવાબદારીનું નિર્વહન કરવા માટેના અતૂટ સંકલ્પોનો પુરાવો છે. આ એવોર્ડ બનાસ ડેરીના લાખો પશુપાલકોની મહેનત અને સહકારની ભાવનાની જીત છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, " બનાસ ડેરીનું વિઝન માત્ર દૂધ ઉત્પાદન પૂરતું સીમિત નથી, પરંતુ ખેડૂતો, ગ્રાહકો અને ધરતી માટે એક ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરવાનું છે. આ એવોર્ડ સાબિત કરે છે કે, સહકારી મોડેલ દ્વારા માત્ર આર્થિક જ નહીં, પરંતુ સામાજિક અને પર્યાવરણીય પડકારોનો પણ સફળતાપૂર્વક સામનો કરી શકાય છે."

આ સન્માન બનાસ ડેરીને ભવિષ્યમાં વધુ ઉચ્ચતમ લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રેરણા પૂરી પાડશે, જેથી દેશના પશુપાલકોની સમૃદ્ધિનું ધોરણ સતત ઊંચું લાવી શકાય.

# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કર્યું સ્વચ્છતા અભિયાનને ગતિ આપવા ઉત્સાહપૂર્વક શ્રમદાન

ઢીમા, વાવ-થરાદ



એકાત્મ માનવદર્શન અને અંત્યોદયના પ્રણેતા, મહાન વિચારક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતી તેમજ રાષ્ટ્રવ્યાપી સેવા પખવાડિયાના શુભારંભ નિમિત્તે આજે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીજીએ બનાસકાંઠાના ઢીમા ખાતે સ્વચ્છતા અભિયાનને નવી ગતિ આપવા માટે ઉત્સાહપૂર્વક શ્રમદાન કર્યું હતું.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સ્થાનિક લોકો સાથે મળીને ગામમાં સફાઈ કામગીરી કરી હતી અને સ્વચ્છ ભારત અભિયાનના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. સ્વચ્છતા માત્ર સરકારી કાર્યક્રમ ન રહેતા જન આંદોલન બને તે માટે તેમણે આહ્વાન કર્યું હતું.

## સ્વચ્છતા એ સંસ્કૃતિનું પ્રતિબિંબ છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "સ્વચ્છતા એ માત્ર શારીરિક જરૂરિયાત નથી, પણ આપણી સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિબિંબ છે."

તેમણે ઉમેર્યું હતું કે, સ્વચ્છતાના વિચારને દેશના બે મહાન નેતાઓએ હંમેશા પ્રાધાન્ય આપ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી હંમેશા કહેતા કે, 'સ્વચ્છતા એ આઝાદી કરતાં પણ વધારે મહત્વપૂર્ણ છે.' બાપુ માટે સ્વચ્છતા આત્મશુદ્ધિ અને આત્મનિર્ભરતાનો માર્ગ હતો.



આજે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ગાંધીજીના આ સ્વપ્નને 'સ્વચ્છ ભારત મિશન' દ્વારા સાકાર કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ સ્વચ્છતાને જન-જન સુધી પહોંચાડી અને દેશને સ્વચ્છતા તરફ એક નિર્ણાયક પગલું ભરાવ્યું છે.

## દેશને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાનો સંકલ્પ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "જેમ દીનદયાળજીએ અંત્યોદય એટલે કે સમાજના અંતિમ વ્યક્તિના ઉત્થાનનો માર્ગ બતાવ્યો, તેમ સ્વચ્છતા એ આપણા ગામ, શહેર અને આખા દેશને સ્વસ્થ બનાવવાનો પ્રથમ માર્ગ છે. સ્વચ્છતા ત્યાં જ હોય છે જ્યાં તેને જીવનશૈલી બનાવવામાં આવે. જ્યાં સ્વચ્છતા હોય, ત્યાં જ તંદુરસ્તી અને સમૃદ્ધિનું વાતાવરણ નિર્માણ પામે છે."

તેમણે સૌ નાગરિકોને અપીલ કરી હતી કે આ સેવા પખવાડિયા નિમિત્તે આપણે સૌ સાથે મળીને ફક્ત એક દિવસ નહીં, પણ રોજબરોજના જીવનમાં સ્વચ્છતાને અપનાવીએ. ચાલો, આપણે કચરાના યોગ્ય નિકાલનો, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાનો અને આપણી આસપાસના વાતાવરણને ચોખ્ખું રાખવાનો સંકલ્પ લઈએ.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અંતમાં જણાવ્યું કે, સ્વચ્છતાનું આ શ્રમદાન એ ખરા અર્થમાં 'સેવા' છે. એક સ્વસ્થ અને સ્વચ્છ ભારત જ નવા ભારતની મજબૂત આધારશિલા બનશે.





# ત્રિપુરાના સહકાર મંત્રી શ્રી શુક્લચરણજી નોતિયા અને પ્રતિનિધિ મંડળે કરી બનાસ ડેરીની મુલાકાત

ત્રિપુરા રાજ્યના સહકાર મંત્રી શ્રી શુક્લચરણજી નોતિયાએ તેમના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - બનાસ ડેરીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બનાસ ડેરીના સફળ સહકારી મૉડલ, અદ્યતન પ્રોજેક્ટ્સ અને આધુનિક કાર્યપદ્ધતિનો અભ્યાસ કરવાનો હતો.

બનાસ ડેરી ખાતે મંત્રી શ્રી શુક્લચરણજી નોતિયા અને પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન, મંત્રીશ્રી અને તેમના પ્રતિનિધિ મંડળે બનાસ ડેરીના ટોચના અધિકારીઓ પાસેથી દૂધ ઉત્પાદનથી લઈને પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન અને માર્કેટિંગ સુધીની સમગ્ર પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

## મુલાકાતની મુખ્ય બાબતો

મંત્રીશ્રીએ ખાસ કરીને ડેરી દ્વારા અપનાવવામાં આવેલ સહકારી માળખું અને તેના થકી લાખો પશુપાલકોને થતા ફાયદાઓ, ગામડાં સ્તરે દૂધ મંડળીઓની કામગીરી અને મહિલા સશક્તિકરણમાં બનાસ ડેરીની ભૂમિકા વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી.

આ ઉપરાંત, તેમણે બનાસ ડેરીના અદ્યતન પ્રોજેક્ટ્સ જેમ કે સ્વયંસંચાલિત પ્લાન્ટ્સ, ઉચ્ચ ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિઓ અને ગાય-ભેંસના પોષણ માટેના આધુનિક કાર્યપદ્ધતિઓમાં વિશેષ રસ દાખવ્યો હતો.

## મંત્રીશ્રીનો પ્રતિભાવ

બનાસ ડેરીની પ્રગતિ જોઈને પ્રભાવિત થયેલા મંત્રી શ્રી શુક્લચરણજી નોતિયાએ જણાવ્યું હતું કે, "બનાસ ડેરીનું સહકારી મૉડલ ખરેખર અનુકરણીય છે. ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં અને ખેડૂતો તથા પશુપાલકોના જીવનમાં પરિવર્તન લાવવામાં બનાસ ડેરી જે રીતે કાર્ય કરી રહી છે, તે દેશના અન્ય સહકારી ક્ષેત્રો માટે એક માર્ગદર્શક છે. અમે ત્રિપુરામાં પણ આ શ્રેષ્ઠ પદ્ધતિઓનો અમલ કરવા પ્રયત્નશીલ રહીશું."

આ મુલાકાત ગુજરાત અને ત્રિપુરા વચ્ચે સહકારી ક્ષેત્રે જ્ઞાન અને અનુભવોના આદાનપ્રદાન માટે એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.



# કૃષિ ઉત્થાનનો સંકલ્પ: ગાંધીનગર ખાતે ૧૪મા એગ્રી એશિયામાં બનાસ ડેરી બની સહભાગી

એશિયાના અગ્રણી કૃષિ ટેકનોલોજી પ્રદર્શન, ૧૪મા એગ્રી એશિયા ૨૦૨૫નું સફળ આયોજન ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૧૮, ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું. હજારો ખેડૂતો અને પશુપાલકોની જંગી ઉપસ્થિતિને કારણે આ કૃષિ મેળો ભવ્ય રીતે સફળ રહ્યો હતો.

આ ભવ્ય કૃષિ મેળાનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના માનનીય કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ અને તેમજ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાથે ઇફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું હતું, જેમણે વિશેષ શુભેચ્છા પાઠવી હતી. ડૉ. ભરતભાઈ પટેલ અને નીરજભાઈ શાહ દ્વારા મંત્રીશ્રીઓને મેળાની શુભેચ્છા મુલાકાત કરાવાઈ હતી.



## બનાસ ડેરીના સ્ટોલ પર ખેડૂતોનો અભૂતપૂર્વ પ્રતિસાદ

દેશના કૃષિ અને પશુપાલન ક્ષેત્રે અગ્રેસર રહેલી બનાસ ડેરીએ આ મેળામાં હોલ નં. ૧, સ્ટોલ નં. A9 ખાતે ખાસ પ્રદર્શન સ્ટોલ સાથે ભાગ લીધો હતો. બનાસ ડેરીએ ખેડૂતો માટે પાયાનો પરિવર્તન લાવનારી પોતાની નવીનતમ ઓર્ગેનિક અને જૈવિક ખાતરની વિવિધ પ્રોડક્ટ્સ રજુ કરીને મહત્વપૂર્ણ જાણકારી પુરી પાડી હતી. ખાસ કરીને 'ભૂમિ અમૃત'ને કેન્દ્રમાં રાખીને પ્રદર્શન કરાયું હતું.

બનાસ ડેરીના સ્ટોલ પર ઉપસ્થિત તમામ ખેડૂત મિત્રો અને પશુપાલકોને 'ભૂમિ અમૃત' સહિતના સંપૂર્ણ જૈવિક ખાતરો અને પ્રોડક્ટ્સ વિશેની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી, જે જમીનના સ્વાસ્થ્ય અને પાકની ગુણવત્તામાં ક્રાંતિકારી સુધારો લાવી શકે છે.

## કૃષિ અને પશુપાલન માટે જ્ઞાનનું ઉત્તમ પ્લેટફોર્મ

એગ્રી એશિયા ૨૦૨૫માં ભારત અને વિદેશની અનેક કંપનીઓએ ભાગ લીધો હતો, જ્યાં ખેડૂતોને નર્સરી ગ્રાફ્ટેડ રોપ, રોટાવેટર જેવા આધુનિક ખેતીના સાધનો અને કૃષિ વિજ્ઞાનની સમજ આપતા મેગેઝિનો મળી રહ્યા હતા. મેળામાં પશુપાલકો માટે પણ દૂધ ઉત્પાદનના વિવિધ ઓજારો અને પશુઓની સારસંભાળ વિષયક માહિતી ઉપલબ્ધ હતી.

બનાસ ડેરી આશા વ્યક્ત કરે છે કે આ મેળામાં ઉપલબ્ધ માહિતી અને તેના દ્વારા પ્રદર્શિત 'ભૂમિ અમૃત' જેવી પ્રોડક્ટ્સ, ખેતીની સમસ્યાઓના નિરાકરણ સાથે કૃષિને વધુ સમૃદ્ધ અને ટકાઉ બનાવવામાં મદદરૂપ બનશે. બનાસ ડેરી તમામ ખેડૂત મિત્રો અને પશુપાલકોનો આભાર વ્યક્ત કરે છે જેમણે સ્ટોલની મુલાકાત લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો.





# નૂતનવર્ષે સ્નેહભરી મુલાકાત: કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહનું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નિવાસસ્થાને ઉષ્માભર્યું સ્વાગત

નવા વર્ષના શુભ દિવસે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજી બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના ઘરે પધાર્યા હતા. આ પવિત્ર દિવસે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને શ્રી અમિતભાઈ શાહનું હૃદયપૂર્વક સ્વાગત અને સત્કાર કરવાનો સુવર્ણ અવસર મળ્યો હતો



આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા, જેનાથી આ મુલાકાત વધુ ગૌરવશાળી બની હતી. આ મુલાકાત સૌહાર્દ અને પરસ્પર સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

**૨૨ ઓક્ટોબર: નૂતનવર્ષ અને જન્મદિવસની શુભકામનાઓ**

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૨૨ ઓક્ટોબરના રોજ કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબની ખાસ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે શ્રી અમિતભાઈ શાહને નૂતનવર્ષની શુભેચ્છાઓની સાથે-સાથે જન્મદિવસના અભિનંદન પણ પાઠવ્યા હતા, કારણ કે ૨૨ ઓક્ટોબરે અમિતભાઈ શાહનો જન્મદિવસ હતો.

એક જ સમયે નવા વર્ષની અને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવાનો આ પ્રસંગ સહકારી ક્ષેત્રના આ બંને લોકનેતા વચ્ચેના સ્નેહ અને આદરભર્યા સંબંધોને સ્પષ્ટ દર્શાવે છે. નવા વર્ષે સ્વાગત કરવું અને જન્મદિવસ નિમિત્તે રૂબરૂ મળીને શુભકામના પાઠવવી એ તેમના ગાઢ સંબંધોની નિશાની છે.



# બનાસ ડેરીના આંગણે નૂતનવર્ષનો ઉમંગભેર સ્નેહમિલન સમારોહ

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં પશુપાલકો અને કર્મચારીઓએ પારિવારિક ભાવથી વધાવ્યું નવું વર્ષ

નૂતનવર્ષના પાવન અવસરને વધાવવા માટે, બનાસ ડેરીના વિશાળ પટાંગણમાં ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાભરના હજારો દૂધ ઉત્પાદકો, અગ્રણી આગેવાનો અને ડેરીના કર્મયોગી કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેનશ્રીએ સહુને દિવાળી અને નૂતનવર્ષની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.






**'આપણા પ્રેમનો તાંતણો, આપણા સબંધનો સેતુ'**

આ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પારિવારિક ભાવનાને બિરદાવતા કહ્યું કે, "બેસતા વર્ષના આ પવિત્ર દિવસે આપ સૌ આગેવાનો, પશુપાલકો અને કર્મચારીઓએ જે પ્રેમ, સ્નેહ અને આશીર્વાદ વરસાવ્યા છે, તે બદલ હું સર્વેનો આભાર વ્યક્ત કરું છું. આપ સૌ લાગણી અને પ્રેમથી પધાર્યા છો, એ આપણો સાચો પારિવારિક ભાવ છે. હું આ પારિવારિક ભાવને વંદન કરું છું. આ આપણી વચ્ચેના પ્રેમનો અતૂટ તાંતણો છે, આ આપણા સબંધોનો મજબૂત સેતુ છે, જેના થકી એકબીજાનો સ્નેહ વધારે બળવત્તર બને છે."

**ખેડૂત અને પશુપાલકોના હિત માટે સંકલ્પ**

નવા વર્ષના શુભ અવસરે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દ્રઢ સંકલ્પ કર્યો હતો કે આવનારા સમયમાં પણ તેઓ ખેડૂતો અને પશુપાલકોના હિત માટે સતત સમર્પિત ભાવે કાર્ય કરતા રહેશે.

**સર્વેના સુખ, સમૃદ્ધિ અને તંદુરસ્તી માટે પ્રાર્થના**

ચેરમેનશ્રીએ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરતાં કહ્યું: "પરમ કૃપાળુ પરમાત્મા સૌને ખૂબ શક્તિ આપે, નવું બળ આપે. આપ સૌ તમામ પ્રકારની પ્રગતિ કરો. તન, મન, આત્મા - આ ચારેય સુખની પ્રાપ્તિ થાય. સાથે જ બધાને લાંબુ અને તંદુરસ્ત આયુષ્ય આપે અને મન પણ સદાય પ્રફુલ્લિત રાખે. સૌનો વિકાસ થાય, આત્મા પણ સદાય સંતુષ્ટ રહે અને પરમ સુખની પ્રાપ્તિ થાય."

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સૌને પુનઃ નવા વર્ષ, નવી ચેતના અને નવા ઉમંગ સાથે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.**